# વાતાવરણીય બદલાવની અસરો - ઉપાયો



## દુષ્કાળ

દુષ્કાળ જેવી કુદરતી આફત વરસાદના અભાવે ઊભી થાય છે. જો સમયસર અને સજાગ પગલાં ભરવામાં આવે તો તેની વિપરિત અસરો ઘટાડી શકાય છે.

- ૮ થી ૧૦ દિવસ સુધી પાક ઉપર કોઈ અસર થતી નથી.
- જો વરસાદનો વિરામ ૧૫ દિવસનો થાય તો પાકને કટોકટીની સ્થિતિમાં પિયત આપવું જોઈએ.
- જો પિયતની સગવડ ન હોય અને પાક બચાવી શકાય તેમ ન હોય તો પાકની એકાંતર હાર ઉપાડી લેવી.
- દિવેલા-કપાસ-તુવેર જેવા પાકોમાં ૨ ટકા યુરિયાનો છંટકાવ કરવો.



## તાપમાનની અસરો

- તાપમાનના વધારાની પાકની ઉત્પાદકતા ઉપર વિપરિત અસર પડે છે. પરંતુ કુશળ ખેતી દ્વારા જેમ કે મિશ્રપાક, એગ્રોફોરેસ્ટ્રી આ પ્રકારની વિપરિત અસર ઘટાડી શકાય છે.
- જો પિયતની સગવડ ન હોય તો ટૂંકા ગાળે પાકને પિયત આપવું જોઈએ.
- પાક ફરતે ગરમી સામે ટકી શકે તેવા પાક કે ઝાડોની વાડ બનાવવી જોઈએ, જેમ કે કેળ કે પપૈયા ફરતે શેવરીની વાડ અથવા ઉનાળુ મકાઈ ફરતે જૂવારનો ૫ થી ૬ લાઈનનો પટ્ટો ઉગાડવો જોઈએ.



## ચક્રવાત

- અગાઉથી સમયસર જાણ કરવાથી તેની વિનાશક અસરો સામે રક્ષણ મેળવી શકાય છે.
- એગ્રો ફોરેસ્ટ્રી દ્વારા ઊંચાં ઝાડોથી રક્ષણાત્મક દિવાલ ઊભી કરીને ચક્રવાતની વિનાશક અસરો ઘટાડી શકાય છે.



## ઠંડા તરંગો

- ઠંડા તરંગોથી જમીનમાંથી પાણીની નિતાર શક્તિ ઘટી જતાં પાકને નુકસાન થાય છે.
- ટૂંકાગાળે પાકને પિયત આપવું જોઈએ.
- નકામુ ઘાસ બાળીને ખેતરમાં ધુમાડો કરવો જોઈએ.



## હવાનું પ્રદૂષણ

- હવાનું પ્રદૂષણ અટકાવવાનો સરળ કુદરતી ઉપાય ઝાડ-પાન દ્વારા થતો કાર્બન ડાયોક્સાઈડનું શોષણ છે.
- ખુલ્લી જમીનો ઉપર વેજીટેશન વધારીને પ્રદૂષિત હવામાનની ખરાબ અસરો ઘટાડી શકાય છે.





## જળનું પ્રદૂષણ

ઔદ્યોગીકરણથી ઉદ્‌ભવતું જળપ્રદૂષણ તેના પર આધાર રાખતી જીવસૃષ્ટિ માટે હાનિકારક છે. કુશળ ખેતી એ બાબત પર ભાર મૂકે છે કે ટેક્નોલૉજીની મદદથી આવા પ્રદૂષિત પાણીનું રિસાયક્લિંગ કરીને તેનો પુનઃ ઉપયોગ અથવા ખેતી માટે ઉપયોગ કરી શકાય છે.



## પૂર



## ભૂકંપ



## સુનામી



## દાવાનળ

● હવામાનના વર્તારા દ્વારા આવી કુદરતી હોનારતોની અગાઉથી માહિતી પૂરી પાડીને તેની વિનાશક અસરો ઘટાડી શકાય છે. ● પૂર, ભૂકંપ, સુનામી અને દાવાનળ જેવી કુદરતી આફતોને ટૅક્નોલૉજીના સભાન ઉપયોગથી અને લોકોને અગાઉથી જાણ કરવાથી તેની અસરો ઓછી કરી શકાય છે. ● પૂરથી મત્સ્ય ઉદ્યોગને થતું નુકસાન ટાળવા કલ્ચર પોન્ડને જંતુમુક્ત કરી તથા નવું પાણી ઉમેરી તેની વિપરિત અસરો ઘટાડી શકાય છે. ● તાપમાન વધારા અને ઠંડા તરંગોને કારણે મરીન કલ્ચરની માછલીઓ સ્થાન ફેર કરે છે. આ બાબતની જાણકારી માછીમારોને આપવાથી તેઓ પોતાના વ્યવસાયનું યોગ્ય વ્યવસ્થાપન કરી શકે છે.



## કૃષિ પર આબોહવા પરિવર્તનની અસર

- અનિયમિત વરસાદ, કમોસમી વરસાદ તથા વધતું જતું તાપમાન ખેતી પર પ્રતિકૂળ અસરો કરે છે.
- વધુ પડતો વરસાદ, ઠંડી અને તડકો ખેતરમાં ઊભા પાકને નુકસાન પહોંચાડે છે અને ઉત્પાદકતામાં ઘટાડો કરે છે.
- દુષ્કાળ, પૂર, ચક્રવાત જેવી ખેતીવાડીને નુકસાન પહોંચાડતી ઘટનાઓને ટૅક્નોલૉજી ની સહાયથી અગાઉથી સમયસર જાણ કરીને તેનું નુકસાન મર્યાદિત કરી શકાય છે.



## દરિયાઈ જીવન પર આબોહવા પરિવર્તનની અસર

- ઔદ્યોગિકીકરણના કારણે દૂષિત પાણી નદીઓમાં ઠાલવવામાં આવે છે, જેનાથી વહેતું પાણી પ્રદૂષિત થાય છે.
- માનવી પોતાના સ્વાર્થના કારણે દરિયાઈ સૃષ્ટિને નુકસાન પહોંચાડે છે.
- દરિયાઈ જીવસૃષ્ટિને બચાવીને માછીમારના વ્યવસાયને વિકસાવી શકાય છે.



## પશુધન પર આબોહવા પરિવર્તનની અસર

- આબોહવામાં પરિવર્તનના કારણે વરસાદ અનિયમિત થાય છે. તદ્‌ઉપરાંત પાણીના સ્ત્રોતો ઘટે છે અને ઘાસચારાની તંગી ઊભી થાય છે.
- ઘણી વખત દુષ્કાળ જેવી પરિસ્થિતિને કારણે પશુઓની હાલત કફોડી બને છે.
- કુશળ ખેતી દ્વારા પશુધનની સ્થાનિક ઓલાદોને વિકસાવી શકાય છે.



## માનવજીવન પર આબોહવા પરિવર્તનની અસર

આબોહવામાં પરિવર્તનના કારણે માનવે પૂર, દુકાળ, સુનામી, ભૂકંપ જેવી આફતોનો સામનો કરવો પડે છે અને ઘણી વખત હજારો લોકોએ પોતાના જીવ ગુમાવવા પડે છે. ખેતી અને પશુધન પર થતી પ્રતિકૂળ અસરો માનવજીવન પર પણ પ્રતિકૂળ અસરો પહોંચાડે છે. ખેતીવાડી, પશુધન, મત્સ્યઉદ્યોગ, માઈક્રોન્યૂટ્રિયન્ટ જેવી જીવસૃષ્ટિનું યોગ્ય જતન કરીને તેઓની ઉત્પાદકતા વધારી શકાય છે. વળી, આ વ્યવસ્થા ગ્રામ્ય જીવનને વધુ સ્પર્શતી હોઈ, વિકાસના લાભોની ન્યાયી વહેંચણી દ્વારા સમાવિષ્ટ આર્થિક વિકાસના સામાજિક ઉદ્દેશને પાર પાડી શકાય છે.

NCCSD

National Council for Climate Change Sustainable Development and Public Leadership
Central Research Institute for Dryland Agriculture

CENTRAL RESEARCH INSTITUTE FOR DRYLAND AGRICULTURE 1985 केवाकृअनुसं

# વાતાવરણીય બદલાવની અસરો - ઉપાયો









## એગ્રો-ફોરેસ્ટ્રી

એગ્રો-ફોરેસ્ટ્રી દ્વારા કૃષિ ક્ષેત્રે પરિવર્તન લાવી શકાય છે. વાતાવરણીય બદલાવ સામે તે રક્ષણાત્મક ઢાલ પુરવાર થઈ શકે છે.

એગ્રો-ફોરેસ્ટ્રી દ્વારા જમીનનાં પોષકતત્ત્વોનું નુકસાન ઘટાડી શકાય છે, પાણીનો સંગ્રહ થઈ શકે છે અને જમીનનું ધોવાણ અટકાવી શકાય છે તેમજ જમીનની ઉત્પાદકતા જાળવી શકાય છે.

જંતુઓ અને જંતુઓ સાથે સંકળાયેલા રોગોમાં ઘટાડો કરી શકાય છે અને નવસાધ્ય જમીનને કાર્યરત કરી શકાય છે.

એગ્રો-ફોરેસ્ટ્રી, આશ્રયસ્થાન નજીકના પાક અને પશુધનની ઊપજ સુધારે છે. ઉનાળામાં છાંયડો - તણાવ ઘટાડીને પશુધન માટે ફાયદારક પુરવાર થાય છે. ચક્રવાત જેવી કુદરતી આફતોની વિનાશક અસરો ઘટાડે છે. લીલોતરીનું આ સ્વરૂપ પ્રકાશ-સંશ્લેષણ દ્વારા આબોહવાની શુદ્ધિમાં સહાયક નીવડે છે. જો પાક નિષ્ફળ જાય તો તે આવકનું સાધન બને છે.

## મિશ્ર પાક

જીવસૃષ્ટિની એક વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે વિવિધ પ્રકારના બાયોમાસ, એકબીજાના અસ્તિત્વના ટકાવ અને વિકાસ માટે એકબીજાને પૂરક થઈ શકે છે. મિશ્ર પાકપદ્ધતિ તેનું ઉત્તમ ઉદાહરણ છે. નીચે દર્શાવેલ મિશ્ર પાકો કૃષિઉત્પાદન વધારવામાં એકબીજાને પૂરક ફાળો આપે છે :

ઉ.દા. તરીકે, આ પાકો એક સાથે લઈ શકાય, જેમ કે......

- કપાસ અને કઠોળ
- તુવેર અને મકાઈ
- મગફળી અને તુવેર
- સોયાબીન અને સૂર્યમુખી ફૂલ
- દિવેલા અને મગ
- તલ અને સોયાબીન
- સૂર્યમુખી ફૂલ અને મગફળી
- સૂર્યમુખી ફૂલ અને તુવેર
- દિવેલા અને મગફળી
- દિવેલા અને તુવેર

મિશ્ર પાકપદ્ધતિ એ ખેડૂતોને લાભકારી પદ્ધતિ છે, જે દ્વારા કૃષિ સાથે સહજ રીતે સંકળાયેલ ખેડૂતો નીંદણ નિયંત્રીત કરે છે. એક સાથે ઘણા પાકો લઈ શકે છે. મિશ્રપાક પદ્ધતિ દ્વારા જંતુઓ પર નિયંત્રણ જાળવી શકાય છે. આ પદ્ધતિ ઉત્પાદકતા અને ફળદ્રુપતામાં વધારે છે. વધુમાં બદલાતાં હવામાનમાં એક પાક નિષ્ફળ જાય તો બીજો પાક આવક આપી શકે.

## નેટ હાઉસ

- ગ્રીન હાઉસ અથવા નેટ હાઉસ તરીકે આ એક જાણિતી હાઈટેક એગ્રી ટેક્નોલૉજી છે. આ રીતે થતી ખેતીને 'પ્રોટેક્ટેડ ફાર્મિંગ' કહેવામાં આવે છે. ગરમી, ઠંડી અને વરસાદ સ્વરૂપે બદલાતા હવામાન સાથે ટેક્નોલૉજીની સહાયથી યોગ્ય અનુકૂલન સાધીને સારી ગુણવત્તાવાળુ વધુ ખેતઉત્પાદન મેળવી શકાય છે.
- ફળ, ફૂલ અને શાકભાજી જેવા હોર્ટીકલ્ચર પાકોની ઉત્પાદકતા વધારી શકાય છે.
- એક જ વાર કરેલા ઊંચા મૂડીખર્ચનો ઘણા વર્ષો સુધી કિમતી અને ઊંચું મૂલ્ય ધરાવતા ખેતપાકો લઈ લાભ લઈ શકાય છે.
- કટ ગુલાબ, જર બેરા અને કેપ્સીકમ મરચાં જેવા ચીલાચાલુ પાકોને બદલે અળવી, કાકડી, કાજૂ, કેશર જેવા ઊંચું વળતર આપતા પાકો લઈ શકાય છે.










## સૌરઊર્જા

સૌરઊર્જા એ કુદરતી રીતે સૂર્યપ્રકાશ દ્વારા વીજળી પેદા કરવાની પદ્ધતિ છે. સૌરઊર્જા દ્વારા પ્રદૂષણ ફેલાતું નથી. સૌરઊર્જા દ્વારા દીવા વીજળી, પાક સુકવણી, શિયાળામાં ગરમ પાણી વગેરે થઈ શકે છે. આ માટે સરકારી સહાય ઉપલબ્ધ છે.

લાભો

- થર્મલ વીજળીને બદલે કુદરતી સ્રોત દ્વારા વીજળી મેળવાય છે. આથી પર્યાવરણ ઉષ્ણતામાં ઘટાડો થાય છે.
- આ ચિરંજીવ સ્રોત્ર છે જેમાં થર્મલ વીજળીની જેમ ઈનપૂટમાં ઘટાડો થતો નથી.
- ખેતપ્રકૃતિ માટે જરૂરી વીજળી સ્થાનિક કક્ષાએ મળી રહેતી હોવાથી વીજ આધારિત ખેતપદ્ધતિની અસરકારકતા વધારી શકાય છે.

## ચેકડેમ

- ચેકડેમ એ વહી જતા પાણીને રોકીને લાંબા ગાળા સુધી ઉપયોગમાં લેવાની યોજના છે.
- ખાસ કરીને ઓછા અને અનિયમિત વરસાદ-વાળા વિસ્તારમાં તેનું મહત્ત્વ વધી જાય છે. આ માટે સરકારી સહાય ઉપલબ્ધ છે. સ્થાનિક નેતૃત્વ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહેતાં તેનાથી ખેતી ઉત્પાદનને ફાયદો થાય છે.
- ધોવાણ અટકાવી શકાય છે.
- જમીનમાં કૂવાના પાણીનાં સ્તર ઊંચા આવે છે. આથી ટ્યુબવેલના કારણે ખેંચાઈ જતા પાણીની પૂર્તિ થાય છે.
- ખરાબાની, ખારાશવાળી અને પડતર જમીન ઉપર ખેત ઉત્પાદન લઈ શકાય છે.
- પાણીના એકત્રિકણ અને વ્યવસ્થાપન સંબંધી લોકજાગૃતિ કેળવાય છે.

## ટપક સિંચાઈ પદ્ધતિ

જળસંપત્તિને સારી રીતે વાપરવાની આ મહત્ત્વની પદ્ધતિ છે.

આ પદ્ધતિ દ્વારા પાણી, ઊર્જા, શ્રમ, રાસાયણિક ખાતરોનો ખર્ચ ઘટાડી શકાય છે અને પાકઉપજ અને ગુણવત્તા વધારીને નફો મેળવી શકાય છે. ઓછા પાણીના ઉપયોગથી વધુ આવક થાય છે. આ માટે સરકારી સહાય ઉપલબ્ધ છે.

**લાભો**

- મર્યાદિત પાણીનો શ્રેષ્ઠ ઉપયોગ શક્ય બને છે.
- છોડના મૂળને સીધું જ પાણી પૂરું પાડીને પાણીનો બગાડ અટકાવી શકાય છે.
- છોડને પ્રમાણસર માત્રામાં પાણી આપી શકાય છે.
- પાણી સાથે દ્રાવ્ય ખાતરો અને અન્ય દવાઓ પૂરી પાડી શકાય છે.
- બિનજરૂરી બગાડ અટકતાં ખેતઆવકમાં વધારો કરી શકાય છે.

## ગોદામ

ગોદામ દ્વારા ખેતઉત્પાદનોની વ્યવસ્થિત જાળવણી કરી શકાય છે.

ખેતરમાં ઉત્પાદિત ઉત્પાદન જ્યાં સુધી બજાર સુધી ન પહોંચાડવામાં આવે ત્યાં સુધી તેને ગોદામમાં રાખી બદલાતા વાતાવારણ તેમજ અન્ય પ્રતિકૂળ પરિસ્થિતિ સામે રક્ષણ મેળવી શકાય છે.

ગોદામમાં ખેતઉત્પાદનની વ્યવસ્થિત જાળવણી કરી ખેડૂતો જ્યારે ભાવ વધે ત્યારે વેચાણ કરી વધુ આવક પ્રાપ્ત કરે છે. આ માટે સરકારી સહાય ઉપલબ્ધ છે.

લાભો

- ઋતુગત પાકોને બારે માસ લભ્ય બનાવી, માગ-પુરવઠાનું સંતુલન કરી શકાય છે.
- ખેડૂતોને તેમની ખેતપેદાશના સારા ભાવો મળી શકે છે.
- બગડી જતા પાકોને નિયંત્રિત હવામાનવાળા ગોદામમાં રાખીને તેનો બગાડ અટકાવી શકાય છે.
- હાઈટેક દ્વારા ઊંચી ઉત્પાદકતાથી મેળવેલ ઊપજ ફૂડ-સિક્યુરિટી અને નિકાસ માટે વાપરી શકાય છે.

NCCSD
National Council for Climate Change Sustainable Development and Public Leadership
Central Research Institute for Dryland Agriculture

# વાતાવરણીય બદલાવની અસરો - ઉપાયો



ગીર ગાય



કાંકરેજી ગાય



જાફરાબાદી ભેંસ



મહેસાણી ભેંસ

- હવામાન બદલાવ સામે ટકી રહેવા યોગ્ય પ્રજાતિની ઢોર પસંદગી મહત્ત્વની છે. આ ચારેય સ્થાનિક પ્રજાતિ છે, જે બદલાતા ઠંડા-ગરમ હવામાન સાથે અનુકૂલન સાધી શકે છે.
- તેમનો બાંધો ખડતલ હોવાને કારણે લાંબા અંતર સુધી ચાલી શકે છે અને લાંબુ આયુષ્ય ધરાવે છે.
- પશપાલનની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવીને તથા કુશળ ખેતીના સિદ્ધાંતોનું પાલન કરી દૂધાળા દિવસો દરમિયાનની સરેરાશ દૂધ ઉત્પાદકતા વધારી શકાય છે.
- ગાયના દૂધ અને ઘી, ખાસ કરીને ગીર ગાયના દૂધ-ઘીની માંગ સારી રહે છે અને ગ્રાહકો ઊંચી કિંમત આપવા તૈયાર હોય છે.









## પશુધનની રહેઠાણ વ્યવસ્થા

● જો ઢોરોને સારી રહેઠાણ વ્યવસ્થા પૂરી પાડવામાં આવે તો અંદાજિત ૫૦ ટકા વાતાવરણ બદલાવની અસર સામે તેમને રક્ષણ પૂરું પાડી શકાય છે. ● ઢોરના રહેઠાણની દિશા પૂર્વ-પશ્ચિમ રાખવી જોઈએ અને બારી-બારણાં ઉત્તર-દક્ષિણ હોવાં જોઈએ. ● શેડની મધ્યભાગની ઊંચાંઈ ૧૫ ફૂટ અને નેવાની ઊંચાઈ ૧૦ ફૂટ રાખવી જોઈએ તથા ઉપરના ભાગેથી હવા બહાર જાય તેવી વ્યવસ્થા રાખવી જોઈએ. ● શેડનું ભોંયતળીયું ગટર તરફ હોવું જોઈએ અને તેના પર લાકડાનો વેર પાથરવો જોઈએ. ● દરેક ઢોર માટે ૩ મીટર લંબાઈ તથા ૧.૫ મીટર પહોળાઈ જેટલી જગ્યા ફાળવવી જોઈએ. ● શેડની આજુબાજુ લીમડો, અરડૂ વગેરે જેવાં ઝાડો રાખવાથી શેડનું હવામાન ઠંડું રહે છે. ● કુશળ પશુપાલન માટે નજીકમાં હરી-ફરી શકાય તેવાં ફાર્મ, નજીકમાં પીવાના સ્વચ્છ પાણીની સગવડ તથા ફુવારા રાખવા જોઈએ.



## બાયો-ગૅસ પ્લાન્ટ

બાયો-ગૅસ પ્લાન્ટ અને ઢોરોના છાણમાંથી રાંધણ ગૅસ ઉત્પાદન કરવાની સરળ પદ્ધતિ છે. આ ઉપરાંત તેની સ્લરીનો ઑર્ગેનિક ખાતર તરીકે ઉપયોગ કરી શકાય છે. તેમાં ખેતીવાડીનો નકામો કચરો પણ ઉમેરી શકાય છે. બાયો-ગૅસ પ્લાન તૈયાર કરવા સરકારી સહાય ઉપલબ્ધ છે.




## સજીવ ખેતી

સજીવ ખેતી એ બિનસજીવ ખેતીનો શ્રેષ્ઠ વિકલ્પ છે. બિનસજીવ ખેતીમાં મોઘાં અને અછતવાળાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ થાય છે. લાંબે ગાળે જમીનની ફળદ્રુપતા પર તેની વિપરીત અસરો થાય છે. જમીનમાં રહેલા લાભદાયી માઈક્રોન્યુટ્રિયન્ટનો તેનાથી નાશ થાય છે.

**લાભો :**

- સજીવ ખેતી દ્વારા થયેલ ઉત્પાદન તંદુરસ્ત ખોરાક તરીકે લોકપ્રિય છે.
- સજીવ ખેતીથી ઉત્પાદનખર્ચ ઘટે છે
- તે ગ્રીન હાઉસ ગૅસનું ઉત્સર્જન ઘટાડે છે.
- સજીવ ખેતીની પેદાશો તંદુરસ્તી જાળવવામાં સહાયક બની સજીવ ખેતી દ્વારા થયેલ ઉત્પાદનનો બજારમાં આકર્ષક ભાવ મળે છે.
- જમીનની ફળદ્રુપતા અને જમીનના માઈક્રો-ન્યુટ્રીયન્ટ્સ લાંબા સમય સુધી ટકી રહે છે.




## બાયોટૅક્નોલૉજી

બાયોટૅક્નોલૉજી એ જીવશાસ્ત્રની ખેતીવિષયક લાભો માટે અપનાવાયેલ એક ટૅક્નોલૉજી છે. તેનાં પ્રચલિત સ્વરૂપોમાં જેનીટીકલી મોડીફાઈડ સીડ (જેમકે બીટી કોટન), હાઈબ્રીડ પાકો, ટિસ્યુકલ્ચરના રોપાઓ (કેળાં, શેરડી, પપૈયા, ખજૂર વગેરે) તથા કલમ દ્વારા બીજરોપણ જેવી પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

**લાભો :**

- ધરુવાડિયા માટે ઉત્તમ રોપાઓનો ઉપયોગ શક્ય બને છે.
- એક જ પ્રકારની લાક્ષણિકતા ધરાવતી ખેતપેદાશો લઈ શકાય છે.
- કૃષિઉત્પાદકતામાં લાભદાયી વધારો થાય છે.
- જંતુનાશક ખર્ચ ઘટે છે અને પેદાશોનો કહોવાટ અટકાય છે.
- પાંદડાં કે થડના વિકાસની સરખામણી ફળ-ફૂલનું પ્રમાણ ઘટે છે.



## મહિલા ખેડૂત

- આજના સમયમાં ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ પુરુષોની જેમ જ ખેતી અંગેના નિર્ણયો સ્વતંત્ર રીતે લઈ શકે છે.
- ગ્રામ્ય ગરીબ મહિલાઓસ્વ-સહાય જૂથો રચીને સ્થાનિક તકોને અનુરૂપ અને ખેતી સાથે સંબંધિત આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરીને પૂરક રોજી ઊભી કરી શકે છે.
- ‘આત્મા’ અને ‘નાબાર્ડ’ જેવી સંસ્થાઓની સહાયથી પશુપાલન, વાછરડાં ઉછેર, વર્મીકમ્પોસ્ટ, મરઘાંપાલન, મત્સ્ય ઉદ્યોગ, ભરતગૂંથણ કામ, અગરબત્તી તથા મીણબત્તીનું ઉત્પાદન, અથાણાં-પાપડ તથી મરી-મસાલાનું ઉત્પાદન વગેરે દ્વારા સારી કમાણી ઊભી કરી શકે છે.
- મહિલા ખેડૂતો વાવમી, ધરુવાડિયું, નિંદામણ, ધામા પૂરવા, પિયત આપવું વગેરે ખેત-પ્રવૃત્તિઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે.
- બોર, કેરી, ચીકુ, સફરજન, સીતાફળ, આંબળાં, પપૈયાં, લિંબુ જેવા ફળ પાકોના ઉત્પાદન તથા ગ્રેડિંગ દ્વારા સારી આવક ઊભી કરી શકે છે, તથા તેમના મૂલ્યવર્ધન દ્વારા ઊંચી આવક મેળવી શકે છે.




## યુવાન ખેડૂતો

આજના સમયમાં ખેડૂતપુત્રો ફક્ત ખેતી આધારિત ન રહી ખેતીને લગતો પોતાનો એક અલગ વ્યવસાય શરૂ કરતા થયા છે. જમીન ધરાવતા શિક્ષિત યુવાનો વ્યવસાયની સાથે-સાથે હાઈટેક ખેતીપદ્ધતિ અપનાવીને વૈજ્ઞાનિક ખેતી દ્વારા ઉચ્ચ કક્ષાના ઉદ્યોગસાહસિકો બનવા તરફ પ્રેરાયા છે.

**લાભો :**

- યુવાનો નોકરીના બદલે ખેતવ્યવસાય તરફ વળે છે.
- ખેતીવાડીની ડિગ્રી ધરાવતા યુવાનો પોતાના વિસ્તારમાં વિસ્તરણનું કામ કરી શકે છે.
- હાઈટેક ખેતી અપનાવી ખેત-પેદાશોની ઊંચી ઉત્પાદકતા વધારે છે.
- ગામડાથી શહેર તરફથી દોટ અટકે છે.
- સમતોલ પ્રાદેશિક વિકાસ અને સમાવિષ્ટ વિકાસનો ઉદ્દેશ સિદ્ધ થાય છે.
- માનવીઓ અને પશુધન માટેની ‘ફૂડ સિક્યુરિટી’નો ઉદેશ સિદ્ધ કરી શકાય છે.

NCCSD
National Council for Climate Change Sustainable Development and Public Leadership
Central Research Institute for Dryland Agriculture
CENTRAL RESEARCH INSTITUTE FOR DRYLAND AGRICULTURE 1985 केंद्रीय शुष्क कृषि अनुसंधान संस्थान